રાઇટ ટુ રિકોલ ગ્રુપ

# અમેરિકાની પોલિસમાં અને ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર ભારત કરતા ઓછો કેમ છે?

આપણામાંથી અનેકનાં મિત્રો-સંબંધી અમેરીકામાં રહે છે. ક્યારેક વાત થાય તો જાણવા મળેકે અમેરીકાની પોલિસમાં ભ્રષ્ટાચાર અને ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર/સગાવાદ ભારત કરતા ઓછો છે. **કેમે?** શુ તેનુ કારણ સારા પગારો છે? હુ કોન્સ્ટેબલો, પીઆઇ વગેરેનાં પગારો વધારવાની માંગણીને ટેકો આપુ છુ. અમેરીકામાં પોલિસનાં પગાર ત્યાંની આવકનાં પ્રમાણમાં પણ અહિંથી સારા છે. પણ શુ તે એકમાત્ર કારણ છે? હમણાજં હાઇકોર્ટનાં ન્યાયાધીશોનાં પગાર આશરે રુ ૭૦,૦૦૦/- વત્તા ભત્તાઓ થયા. તો શુ હાઇકોર્ટનાં ન્યાયાધીશોએ સગાવાદ ઘટાડી દિધો? અને માનો કે ઓછો પગાર એક કારણ છે. તો માણસ કરોડ બે કરોડ પછી અટકી જાત.પણ શુ દસ કરોડ કમાયા પછી પણ આપણા કમિશ્નરો કે ન્યાયાધીશો અટકે છે? તો જો આમનાં પગાર ચાર ગણા પણ થશે, તો પણ ભ્રષ્ટાચાર અટકવાનો છે? આમ, પગાર મોંઘવારી પ્રમાણે જરુર વધારવા જોઇએ, પણ પગાર વધારા માત્રથી ભ્રષ્ટાચાર નહી ઘટે.

**તો પછી અમેરીકાની પોલિસમાં અને ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર ભારતની પોલિસ અને ન્યાયાધીશો કરતા કેમ ઓછો છે?** આ પ્રશ્ન ક્યારેક બુદ્ધીજીવીઓને પુછીયે તો તેઓ વિચિત્ર જવાબો આપે. કોઇ બદ્ધીજીવી કહે કે -- તમે કત્થઇ ચામડીવાળા ભારતીયોએ ગોરી ચામડીના અમેરીકનો સાથે સરખામણી કરવાની મજાલ પણ ન કરવી જોઇએ. કોઇ બદ્ધીજીવી કહે કે -- અમેરીકાનાં નાગરીકોનું પોલિટીકલ કલચર સારુ છે અને ભારતનાં સામાન્ય નાગરીકોનું પોલિટીકલ કલચર હલકુ છે. અને એટલેજ ભારતમાં પોલીસ અને ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર વધારે છે. અર્થાત, અમો ભારતમાં સામાન્ય નાગરીકો હલકા કલ્ચર (કલ્ચર એટલે સંસ્કાર) વાળા છીએ. અને પોલીસ, ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર વધારે છે, તેનુ કારાણ અમો સામાન્ય નાગરીકો છીએ !! અને કોઇ બદ્ધીજીવી એમ પણ કહશે -- કે ભારતમાં પોલિસમાં અને ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર વધારે છે, કેમકે -- તમો સામાન્ય નાગરીકોમાં જાગૃતિ નથી. વાહ બદ્ધીજીવી વાહ !! અને વાહ તમારા ચાર આંકડાનો આઇ.ક્યુ !! લાંચ લેવાનો ગુન્હો પોલિસ અને ન્યાયાધીશો કરે અને તેમાં પણ તમો બદ્ધીજીવીઓને વાંક અમો સામાન્ય નાગરીકોનો અને અમારા કલ્ચરનો કાઢવો છે?

બુદ્ધીજીવીઓનું આ કેરેકટર, પોલિટિકલ કલ્ચર, જાગૃતિ વગેરેનુ મહાજ્ઞાન મારી સામાન્ય બુદ્ધિથી અને સમજથી પરે છે. તો પછી ભારતની પોલિસમાં ભ્રષ્ટાચાર વધારે છે, તેના એવા કારણ ખરા કે આપણે સામાન્ય માણસોનાં મગજમાં આવી શકે? હા. એવા સરળ કારણો છે - કે જે આપના અને મારા જેવા સામાન્ય નાગરીકની સમજમાં આવી શકે.

અમેરીકાની પોલિસમાં ભ્રષ્ટાચાર ઓછો છે, તો તેનુ એક્માત્ર કારણ છે - **અમેરીકામાં નાગરીકો પાસે ત્યાંના જિલ્લા પોલિસ કમિશ્નરને કાઢી મુકવાની પ્રોસીજર -- યાને રાઇટ ટુ રિકોલ -- છે.** ભારતમાં અમો નાગરીકો પાસે માત્ર મિનીસ્ટર કે ન્યાયમુર્તિ પાસે ફરીયાદ કરવાની સત્તા માત્ર છે -- કમિશ્નર સાહેબને કાઢી મુકવાની સત્તા અમો નાગરીકો પાસે નથી. આ કાઢી મુકવાની સત્તા માત્ર મિનીસ્ટર કે ન્યાયમુર્તિઓ પાસે છે. અમેરીકામાં નાગરીકોને તેમના જિલ્લા પોલિસ કમિશ્નરને નોકરીમાંથી કાઢી મુક્વો હોય તો નાગરીકોએ મિનિસ્ટર કે કોર્ટના ધક્કા નથી ખાવા પડતા. નાગરીકો જાતે બહુમતિ સાબિત કરી તેમના જિલ્લા પોલિસ કમિશ્નરને બદલી શકે છે. આમ, અમેરીકાનાં તમામ ૨૦૦૦ જિલ્લા પોલિસ કમિશ્નરોને હંમેશા એકજ ભય હોય છે - કે જો પોતે ખુબ લાંચ લેશે અથવા જો સ્થાનિક પોલિસમાં ભ્રષ્ટાચાર વધશે, તો નાગરીકો તેને કાઢી મુકશે. એટલે કમિશ્નર પોતે નહીંવત લાંચ લે છે અને નીચેનાં સ્ટાફ પર પણ કંટ્રોલ રાખે છે. અને ભારતમાં અમો નાગરીકો પાસે કમિશ્નર બદલવાની સત્તા નથી, આ સત્તા માત્ર મિનિસ્ટર પાસે છે. પરિણામ? કમિશ્નરો પી આઇ ને ટાર્ગેટ આપે છે, અમુક ભાગ પોતે રાખે અને અમુક મિનિસ્ટરને પહોંચાડે.

આમ પોલિટિકલ કલચર, ઈતિહાસ, ૧૦૦૦ વર્ષોની ગુલામી કે ૨૦૦ વર્ષોની ગુલામીને આજના પોલીસ અને ન્યાયાધીશોનાં ભ્રષ્ટાચાર સાથે કોઇ લેવા દેવા નથી. આ તમામ કારણો ખોટા, જુઠ્ઠા અને ઉપજાવી કાઢેલા છે. ભારતમાં ભ્રષ્ટાચાર વધારે છે, તો તેનું એકમાત્ર કારણ છે - અમો નાગરીકો પાસે પોલિસ કમિશ્નરને બદલવાની પ્રોસીજર યાને રાઇટ ટુ રિકોલ નથી. કમિશ્નર ઉપરાંત અમેરીકામાં નાગરીકો પાસે સ્થાનિક ન્યાયાધીશો, મેયર, ધારાસભ્યો, જિલ્લા

સરકારી વકીલ અને મુખ્યમંત્રીને કાઢી મુકવાની પ્રોસીજર છે. આને આથી આ તમામ અધિકારીઓમાં ભ્રષ્ટાચાર ભારતની સરખામણીમાં ઓછો છે. અને તેજ અમેરીકામાં સાંસદો, પ્રધાનમંત્રી, કેન્દ્રનાં અધિકારીઓમાં પ્રચુર ભ્રષ્ટાચાર છે, કેમકે તેઓને કાઢી મુકવાની નાગરીકો પાસે કોઇ પ્રોસીજર નથી. આમ અમેરીકાનો દાખલો પણ સાબીત કરે છે કે ભ્રષ્ટાચારને કલ્ચર, ઇતિહાસ, જાગૃતિ વગેરે કારણો સાથે જોઇજ લેવા દેવા નથી.

હું જ્યારે અમેરીકાની આ માહિતી (કે અમેરીકાનાં નાગરીકો પાસે પોલિસ કમિશ્નરને, ન્યાયાધીશોને, મુખ્યમંત્રીને કાઢી મુકવાની સત્તા છે) આપુ છું, તો ઘણા બી.એ એમ.એ. કરેલા અને અનેક છાપા, મેગેઝીન વાંચનારા આવાક રહી જાય છે. તેઓ કહે છે -- કે આ વાત આજ દિન સુધી અમે પાઠ્યપુસ્તક કે કટારલેખમાં વાંચીજ નથી. અને તેમણે અનેક બદ્ધીજીવીઓનાં પ્રવચનો પણ સાંભળ્યા, તો તે પ્રવચનોમાં પણ આ વાત જાણવા ન મળી. તેનું કારણ છે - આ પાઠ્યપુસ્તક લખનાર, કટારલેખ લખનાર કે પ્રવચન આપનાર બદ્ધીજીવીઓ પોતે રાઇટ ટુ રિકોલનાં વિરોધી છે. અને વિરોધી છે, એટલેજ તેમણે નાગરીકોને અને વિદ્યાર્થીઓને માહિતી સુધ્ધા ન આપી કે અમેરીકામાં નાગરીકો પાસે આવી રાઇટ ટુ રિકોલની સત્તાઓ છે.

હવે ભારતમાં પોલિસનાં ભ્રષ્ટાચાર અને ન્યાયાધીશોના ભ્રષ્ટાચાર/સગાવાદે માજા મુકી છે. અનેક ગુન્હાઓ બેફામ વધી રહ્યા છે, અને તેનુ કારણ પોલિસનો ભ્રષ્ટાચાર અને ન્યાયાધીશોનો ભ્રષ્ટાચાર/સગાવાદ છે. અનેક કેસોમાં ગુંડાઓ વગેરે પોલીસને પૈસા આપી કેસ નબળો પાડી દે અને જો કોઇ પોલીસ અધિકારી ઇમાનદાર હોય, તો ન્યાયાધીશોનાં સગા વકીલો તેમને જામીન અપાવવા તૈયાર છે. દા.ત. **આપણી સુપ્રિમ કોર્ટનાં ન્યાયમુર્તિએ ભારતમાં ૮ વર્ષનાં ૨૦-૨૫ બાળકો , બાળકીઓ પર બળાત્કાર કરનારા, એવા સ્વીટ્ઝરલેન્ડના અબજપતિને પણ જામીન આપી દિધા હતા**, જેથી તે ભારત છોડી નાસી શક્યો. કોને ખબર કેટલામાં તોડ થયો. પણ બળાપો માત્ર કરવાનો અર્થ નથી. હવે જ્યાં સુધી અમો નાગરીકો પાસે જિલ્લા પોલિસ કમિશ્નર અને ન્યાયાધીશોને બદલવાની સત્તા, પ્રોસીજર નહીં આવે, ત્યાં સુધી આ સમસ્યાઓનો ઉકેલ આવે તેમ નથી. અને તમામ સરકારી વિભાગોમાંથી ભ્રષ્ટાચાર ઘટાડવા આપણે નાગરીકોએ રાઇટ ટુ રિકોલ પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી, તમામ ન્યાયાધીશો, રિઝર્વ બેંકનાં ગવર્નર વગેરેને પ્રોસીજર પણ આપણે નાગરીકોએ ઉભી કરવી જોઇએ.

**હવે આપણે સામાન્ય નાગરીકો ભારતમાં રાઇટ ટુ રિકોલ કઇ રીતે લાવી શક્યે?** આની વિગત મે http://rahulmehta.com/001.g.pdf પર ૪ પાનામાં આપી છે. જો આપની પાસે ઇન્ટરનેટ ન હોય, અથવા વધારે વિગત જોઇતી જોય, તો નીચેના સરનામે મને રવિવાર ૧૦-૨માં મળવા વિનંતી છે : **રાઇટ ટુ રિકોલ, એફ-૧-એ, સુપથ-૨ ફ્લેટ, જુના વાડજ બસ સ્ટેન્ડ** પાસે, અમદાવાદ-૯. અથવા **૯૮૨૫૧-૨૭૭૮૦** પર ફોન કરી કોઇ પણ સમયે મળવા વિનંતી છે. તે ઉપરાંત, જો આપ ભારતમાં નાગરીકો કમિશ્નર, મંત્રીઓ વગેરે બદલી શકે તેવી સત્તાઓ ઇચ્છતા હોય તો આપે નીચે મુજબ પગલા લેવા વિનંતી છે

૧. તમામ પાર્ટીઓનાં કાર્યકરોને કહેવુ કે તેઓ રાઇટ ટુ રિકોલના કાયદાઓ પર તેમની અને પાર્ટીનો અભિપ્રાય આપે
૨. જે નેતાઓ, પાર્ટીઓ, બદ્ધીજીવીઓ રાઉટ ટુ રિકોલના વિરોધી હોય, તેમનો બહિષ્કાર કરવો.
**૩. આ પત્રીકાને અનેકને બતાવવી.**

**મારો (લેખકનો) પરિચય** : હું , રાહુલ ચીમનભાઇ મહેતા, ગાંધીનગર લોકસભા એપ્રિલ-૨૦૦૯ની ચુંટણીમાં ઉમેદવાર હતો. મને ૭૩૦૦ વોટ મળેલ અને મારો નંબર ચોથો હતો (શ્રીમતી મલ્લિકાબેન ૯૩૦૦ વોટથી ત્રીજા ક્રમે હતા). મારો ચુંટણી લડવાનો મુખ્ય હેતુ હતોઃ આર.ટી.આઇ-૨, એમ.આર.સી.એમ, રાઉટ ટુ રિકોલનાં કાયદા માટે લોકઆંદોલન કરવુ. આ કાયદાઓથી માત્ર ૩-૪ મહીનામાં ગરીબી ઘટી જશે અને માત્ર ૨-૩ મહીનાઓ માત્રમાં પોલીસ, અદાલતોમાં ભ્રષ્ટાચાર ઘટી જશે. આ કાયદાઓનાં પ્રચાર માટે મારે આપના સમયની જરુર છે.